પ્રાણી સંરક્ષણ.

ભાગ ૧ લો.

સર્વ દયાવંત જનોને માટે.

છપાવી પ્રસિદ્ધ કરી.

સુખડીઆ હરજીવન છગન.

કીમત રૂ૦-૦-૬

દોહરો.

દયાવંત દિલમાં ધરો, ગરીબ પ્રાણીપર મેર;
નિર્દયતા અંતર ધરી, કદી ન કરશો કેર.



આવૃતિ ૧ લી–પ્રત ૫૦૦

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ"માં
નથુભાઇ રતનચંદે છાપ્યું.
સંવત ૧૯૪૫ સન ૧૮૮૯.

૩૯૦૪

પ્રાણી સંરક્ષણ.

મંગળા ચરણ.

રાગ કલ્યાણ.

પિતા જગેશ્વર, વિપ્ર અઘહર;
હવે અંતરે ધર, મેં અર્જ તો કર. ટેક.
આપ તરી ભવ પાર ઉતારણ, જગ જનમાં હિતકાર;
તાત માતને ભ્રાત મિત્ર સમ, થૈ અમને ઉગાર. પિતા.
કોટ કર્મના વાસ પાસમાં, દાસ તમારા શામ;
રઝવડીઆ આકુળતા પામી, હવે સુધારો કામ. પિતા.
સર્ણાયકની લાયક અર્જિ, મરજી સરજી આપ;
અજ્ઞાની દુખ દેછે અમને, સાંભળજો મા બાપ. પિતા.

દોહરા.

નદિ કિનારે સંધ ખડો, સબ ઠાડો સંસાર;
કઈ આયા કઈ આયસી, બાંધકા બાંધિ તયાર. ૧
જાગો લોકો મત સુઓ, મત કરો નિન્દસુ પ્યાર;
જેવો સુપનો રૈનકો, તેવો આ સંસાર. ૨

સુજ્ઞ, શાણા અને પરમહિતકારી મિત્રો ! આ દુઃખ રૂપિ ભવસાગરમાં મહદ કર્મના આકર્ષણથી લક્ષ ચોરાશી જીવને ઉત્પન્ન થવાની યોનીયોમાં પુનર જન્મ મર્ણથી અસંખ્ય દુઃખો ભોગવીને ઘણોજ અમુલ્ય વખત ગુમાવ્યો, પરંતુ હજી સુધી આ આત્માને કોઈ પણ એવું સ્થળ નમળ્યું, કે જે સ્થળે દેહ ધરવાથી ભવરૂપી સમુદ્રમાં ફરી અવતાર લઈ, અપાર દુઃખના વમળમાં ગોથા ખાવા ન પડે. અહો ! બંધુ ! એ બાબતની તો આપણને આગલા જન્માંતરમાં મોટી ખામી રહી ગએલી જણાય છે ! પરંતુ એટલું તો સિદ્ધ છે, કે પૂર્વ જન્મના વખતમાં થોડાં યા ઘણાં સુકૃત્યને લીધે પુન્યના સંચયથી આ આર્ય ભૂમિપર અને આર્ય કુળ વિષે મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ છે. વળી તે થએલા જન્મની પ્રાપ્તિના સંબંધમાં ઉત્તમ કુળ તેમજ ઉત્તમ દયા ધર્મ, જેની અંદર સર્વ જગતમાં પોતાનું જીવતર તેમજ સુખ ઈચ્છનાર, એવી જાતના સ્થાવર એટલે હાલવા ચાલવા અને બોલવાને અશક્ત, એવા પ્રાણીઓના, અને જંગમ (ત્રસ) એટલે હાલવા ચાલવા અને બોલવાને શક્તિમાન, અને સુખ દુઃખમાં સમજી શકે તેવા, બે ઇંદ્રિ, ત્રણ ઇંદ્રિ, ચાર ઈંદ્રિ અને પાંચ ઈંદ્રિવાળા પ્રાણી-

ઓના રક્ષણ માટે અહરનિશ બોધના પ્રવાહ વર્ષ્યાં કરે છે, એવો દયા ધર્મ જેમજ કુર આર્યના જન્મના હાંસલમાં પ્રાપ્ત થએલો છે, તેને દયારૂપી પાણી સીંચવાને બદલે કેટલાએક ડાહ્યા અને બુદ્ધિવાન ગૃહસ્થો તેના અમર તેજમાં નિર્દયાનો ડાઘ લગાડી તેના આયુષ્યમાં ભંગ પાડવાને તેઓની નિર્મળ મતિનો નિશ દિન ઉપયોગ કરે છે, તો અણસમજુ માણસ કરે તેમાં શી નવાઈ? અવશ્ય તેમાં તેઓનો દોષ જરા પણ નથી. કારણ કે તેઓ એટલું તો સમજે છે, જે ડહાપણદાર પુરૂષો નિર્દયતાના રસ્તા સામું કદી જોનાર નથી. આર્યજનો! આટલા ગુણો છતાં, માણસો દેખી પેખીને કુવામાં શા માટે પડવા ધારતા હશે? વિશેષતો શું દર્શાવીએ, પણ નીચે વર્ણવેલી એક સેજસાજ બાબત ઉપરથી આપણને ખુલ્લું માલમ પડશે, કે તે સુધર્મનો રસ્તો છે કે અધર્મનો રસ્તો છે? પ્રિય મિત્રો! તેપર આપ આપના જ્ઞાન ચક્ષુ ખુલ્લાં કરી જોશો તો ખરે ખરો રસ્તો માલમ પડશે.

અત્રેના કેટલાએક સદ્ગૃહસ્થો પોતાની નાત જાત યા સગાં સંબંધીને ભોજન આપવા માટે પડસુદી અથવા રવો જે હજારો મણ વાપરે છે તે શેનો બનેલો હશે? તેનાથી

કોઈ ભાગ્યેજ અજાણ્યું હશે! સુજ્ઞજનો !! તેઓ અજાણ્યા નથી તોપણ તેઓની દૃષ્ટિ જરા વધારે દુર લંબાવવાની તસ્દી નહીં લેતાં તેનો ઉપયોગ લેવામાં જરા પણ આંચકો ખાશે નહીં અગર જોકે તે તાજો ઉપયોગમાં લેવાયતો તેના વિષે દુષણ કાઢવું ઘણું મુસ્કેલ છે, પણ જે મુંબઈ અગર બીજા પરદેશ ખાતેથી આવેલો વાપરવામાં આવેછે, તે વિષે સહજ વિચાર કરવાથી માલમ પડશે, કે ઘઉંનો સાધારણ લોટ જે આપણા ઘરમાં ખોરાકના કામમાં વપરાયછે, તે જો ત્રણ ચાર દિવસ વાસી રહેશે, તો તેની અંદર જીવની ઉત્પતિ માલમ પડશે, અને તેથી વધારે રહેશે તો સંખ્યાબંધ જીવ દૃષ્ટિએ પડશે; ત્યારે વિચાર કરો! કે તેની અંદર બીજા સુક્ષ્મ જીવ જે આંખે જોવાને મુસ્કેલ છે, તેની કેટલી સંખ્યા હસે? આ બાબતમાં મારી સમજણ પ્રમાણે કોઈ અજ્ઞાન નહીં હોય. ત્યારે પડસુદી યા રવો જે ઘણા એક દિવસનો વાસી, અને જેમાં બીનાશ તો સદા રહેલીજ છે, તે માંહે કેટલા સુક્ષ્મ જીવ હોવા જોઈએ? તેના વિષે કોઈ ભાગ્યેજ કહી શકશે, જે આ પડસુદી આટલા દિવસની વાસી છે, કે બે માસની પડતર છે, તેનો કોઈ ભાવ નહીં પૂછે, પણ વાહ! કેવી ધોળી બરફ જેવી

છો કેવી તેની ઉજાશ છો ભાઈ! પડસુદી તો ઘણીજ સા-
રી છે ! ! ખરીદ કરવા જોગ તો આજ માલ છે ! ! ! એવી
રીતે રૂપને મોહ પામી, પરમ કૃપાળુ ઈશ્વર જે ગ્યાન ચક્ષુ
તેમના જન્મથીજ અર્પેલાં છે તે તદ્દન બંધ રાખી, વગર
વિચારે ચાહોામ કરીને પડેછે તેની સફેદતાને મોહ પામેલા
સજ્જનો તેને લઇ જઇ, ચુલા ઉપર ધમ ધગતા વાસણ-
માં ઓરે છે, અને ઘણું સ્વાદિષ્ટ ભોજન બનાવે છે. બં-
ધુઓ! અગ્યાન રૂપી તિમિરને લીધે કોઈ એટલો પણ સ-
વાલ કરતું નથી! જે ભાઈઓ! આતો પડસુદીનો શીરો કે
જીવડાનો શીરો ! તેનો તો મનમાં વિચાર પણ નહીં
આવે. અરે યારો ! એવી રીતે તમે તમારાં ગ્યાન ચક્ષુ
બંધ રાખી, આંધળા ભીંત જેવા થઈ, રૂપ અને સ્વાદના
મોહમાં ન પડો? તમે જીવ દયા પ્રતિપાળ થઇને આ કૃત્ય
ઉછરંગે કરો છો, તે વિચાર કરતાં તમને છાજતું નથી,
મોટા પ્રાણીઓનું રક્ષણ કરવા આતુરતા ધરાવો છો, ત્યારે
બિચારા નાના જીવનો શું અપરાધ? શું પરમ કૃપાળુ પ-
રમેશ્વરે તેમને મારી, કુટી, મસળી, તાવડામાં તળી, તેમ-
નો આહાર કરવા સરજ્યાં છે? નહીં! નહીં!! વિવેકી જનો
એમ ન ધારો! આત્મા સર્વનો સરખો છે, મિત્રો આ દુઃ

આરૂપી ભવસાગરમાં દયારૂપી નાવ અહીં કિનારે જવા પ્રયત્ન કરો! પણ આડો રસ્તો પકડી મોહ્નમાં ધસડાતા ન જાઓ!

શુદ્ધ જનો! તેઓનો પશ્ચાતાપ જરા લક્ષમાં લીઓ શું તેઓ નહીં ધારતા હોય? જે આગલા જન્માંતરમાં કરેલાં અઘોર કર્મને લીધે, આ અવતારે આપણને આવી નીચમાં નીચ સ્થિતિ પ્રાપ્ત થઈ. શું? તેઓ તેઓના અંત કરણમાં નહીં પસ્તાતા હોય! જે મોટા પ્રાણીઓ અંતકાળને વખતે મનુષ્યના મુખમાંથી અરિહંત યા રામ વિગેરે પરમાત્માના શબ્દો પોતાની જાતને નિર્વાણ કરવા માટે કોઈ વાર સાંભળવા પામે છે, પણ આપણને તો આ નિર્દય જનોના હાથથી હોમ થતી વખતે દેવનું નામ શ્રવણ કરવા પણ ન સરજ્યું! આગલા ભવમાં આપણે તેઓનો શું અપરાધ કર્યો હશે? જે આ વખતે આપણને આવાં દુઃખો ભોગવવા પડે છે? અરે! આ અપરાધિ જીવો પર તેઓને લેશમાત્ર પણ દયા આવતી નથી! આપણને આપણા મહદ્ કર્મને લીધે આ વખતે આ દયાહિન મનુષ્યોના હાથથી આવાં સંકટ ભોગવવાં પડે છે. ઈશ્વરે તેઓને આ-

પણા ઉપર જુલમ કરવાજ સરજ્યા હશે! અરે! શું તેઓને બીજી કોઈ ચીજ અહાર કરવા મળતી નહીં હોય! કે આપણા મુડદાલ શરીરનો ભક્ષ કરવા તત્પર થયા! શું? દુનિયામાં બીજી ચીજોનો ટોટો પડયો? કે આપણેજ તેઓની દ્રષ્ટિએ પડયા! અરે! આ મોટા ટોળામાંથી કોઈનેજ દયાનો છાંટો પણ આવતો નથી બધા આંખો મીચીને ચાલે છે. અહો મિત્રો! આવો વિચાર તેઓના મનમાં ખરેખર આવતોજ હશે! પણ નિર્દય મનુષ્યના અંતઃકરણ આગળ તેઓ બિચારા નીરપરાધિ પ્રાણી શું કરે! નથી તેઓને બોલવાની શક્તિ, કે નથી સામા થવાની શક્તિ. તે મુંગા પ્રાણીઓ મુંગે મોઢે માર સહન કરે છે, અને મુંગે મોઢેજ પોતાના દુઃખો ગાય છે.

સીતાજીના બાર માસનો રાગ.

અહો વિશ્વ માંહી વસનાર, દયા કેમ ના કરો;
અમે મુંગા પ્રાણી સૌ અનાથ, તણા પ્રાણ કાં હરો. ૧
અમે કર્મ તણે પરાધિન, માનવ ભવ હારીઆ;
થયો મુંગા પ્રાણી અવતાર, મુઆ.ને સિદ્ધ મારીઆ. ૨

પૂર્વે સુકૃતના ભરી નાવ, મુઢ પણે વામીઆ;
કર્યા જીવ હિંસાના કામ, તેના ફળ પામીઆ. ૩
વળી લાગ્યા છે કર્મના ભોગ, હાથે તમારે પડ્યા;
સિદ મારો દયા દિલ ધાર, અમે તમને શું નડ્યા? ૪
હાય હાય અરે ભગવાન! જઈએ અમે કયાંકને;
અમને કોઈ ન દીએ આધાર, જ્યાં જઈએ ત્યાં હણે. ૫
અમે ઝીણા ધરીને દેહ, અનાજ કોઠી માંહી પડ્યા;
જાણે થાશું ત્યાં નિર્ભય, તોય તમે ત્યાં નડ્યા. ૬
દળ્યા ઘંટી યંત્રની માંય, પ્રાણ લીધા અમ તણા;
કીધા રવા પડસુદીમાં વાસ, આથા માંહે છે ઘણા. ૭
ભારી શીરા પુરીના સ્વાદ, જલેબીયું રસ ભરી;
ધારી મરકી ખાજા પકવાન, હલવાદિક દિલ ધરી. ૮
થઈ જીભ તણેરે આધિન, તાવડા માંહે તળ્યા;
હાય નિર્દય જીવડા સ્વાદ, કષ્ટે પ્રાણ નીકળ્યા. ૯
નહીં ધણી ધોરી કોઈ નાથ, અમને જે ઓધરે;
હાય ઓય! અરે રેરે દૈવ! જુલમ અમને કેમ કરે. ૧૦
દયાહિન તણો કાંઈ પાક, અમે શું આદીએ;

દયાવંત થયા ફુટા ઢોલ, દયા નાખી ખાડીએ. ૧૧
આર્ય બંધુ અવનિમાં કેવાય, લોકોને દેખાડવા;
ખરા યવન પંક્તિ નામદાર, જન્મ વ્યર્થ કાઢવા. ૧૨
હવે આભ તૂટયો અમથીર, હિમ્મત હાર્યા દિલભરી;
કોઈ થાય પ્રભુના લાલ, મટાડોને દિલગીરી. ૧૩

આવી તરેહની દિલગીરી ગાતાં છતાં તેઓ પર રહેમ ન આવી! અરે! ધિક્કાર છે જીવ્હા ઈંદ્રિને વશ થનારને !! વળી વેદશાસ્ત્ર ઉપર વિચાર કરતાં, વાસી ચીજનો અહાર કરવાથી કેટલું નુકશાન થાય છે, તે પણ માલમ પડશે. મોટા રોગની ઉત્પતિ તેથીજ થાય છે. શરીરના લોહીનો બગાડ કરવામાં વાસી ચીજ મુખ્ય છે. સંવત ૧૯૪૪ ના પહેલા ચૈતર મહિનામાં દરજી લોકોને હોંસનો જમવાનો દિવસ આવ્યો હતો, તે આપ સર્વે સદ્‌ગૃહસ્થોના ધ્યાનમાં તો હશે. ઉનાળાની અતિશય ગરમીમાં જલેબીના સંપુર્ણ સ્વાદમાં તેઓ લીન થઈ ગયા હતા. આ જન્મમાં આવી જલેબી ફરી મળવાની નહોતી, તેથી આયુષ્યના બળવાન લોકોએ તેનો અહાર પેટ ફાટાફાટ કર્યો, અને વળતે દિવસે

તેઓ લાંબી સોડ તાણીને સુતા, તે ફરીને ઉઠવાજ ન પામ્યા, ખરેખર આ સ્વાદિષ્ટ ભોજને તેમને ભવપાર ઉતાર્યા, કે જેથી તેઓ તેઓની જીંદગીમાં ફરી જલેબી જેવી સ્વાદિષ્ટ ચીજ જોવા ન પામ્યા. આવી રીતના ઘણી તરેહના ગેર લાભ વાસી ચીજના ઉપયોગથી થાય છે.

પરમસ્નેહિ ! કદાચ આપ નાતીલાને ભોજન આપવા ઈચ્છતા હો તો તમોને બીજી ચીજનો કયાં ટોટો પડયો છે? કે તમારી નજર હરી ફરીને ત્યાંજ પહોંચે છે. જે ચીજ વિના ન ચાલે, તેનો ઊપયોગ લેવો પડે તેને માટે તો આપણે લાચાર છીએ પણ જેનામાં દોષ છે, એવી ચીજના બદલામાં દોષ રહિત ચીજો ઉપયોગમાં લેવાતી હોય, તો આવું અઘટિત કાર્ય શામાટે કરવું જોઈએ? ખરેખર એમ નજ કરવું ઘટે આર્યજનો તમોને તમારા મહાન પુન્યના પ્રતાપથી મનુષ્યદેહ રૂપી હીરો હાથ આવ્યો, નિર્દય થઈ, બિચારા જીવ જંતુનો પ્રાણ હરવા, તમને નથી સરજ્યા. માટે તમારા અંતઃકરણમાં દયા રાખી, બિચારા ગરીબ પ્રાણીઓના રક્ષણ અર્થે આવી વાસી ચીજનો ઉ-

પયોગ કરવા, તમે તમારા મનમાં લેશમાત્ર વિચાર ન લાવો અને દયા ધર્મની વૃદ્ધિ કરવા દિનપર દિન પ્રયત્ન કરો. આત્માનું તારણ કરવાનો ખરો રસ્તો એજ છે. એથી બીજો સહેલો રસ્તો છેજ નહીં. દાન કરતાં દયામાં ઘણાજ ઉત્તમ ગુણો રહેલા છે, માટે હમેશાં ઉત્તમ રસ્તે ચાલવું, એજ માણસની ફરજ છે.

રાગ ભરથરીનો.

(ભેખરે ઉતારો રાજા ભરથરી. એ રાહ.)

દયા ધર્મિષ્ઠો માજન સહુ, અરજી લેશો અમારી;
જીવ દયા તમ ઘર વસે, તમે પર ઉપકારી,
આશા ઉગરવાની તમ થકી. ૧

દેશ બત્રીશ સહસ્રમાં, આર્ય દેશછે બુજજી;
તેમાં દયાવંત થોડલા, ઘણા નિર્દય અબુજજી.
આશા ઉગરવાની તમ થકી. ૨

[illegible] દયા સત્ય આદરી, ભલા થઈને ઉગારો;
ફરગણી [illegible] કાંઈ સુખ આરો.

પાજો વકિલ પ્રાણિ ગરીબના, પ્રતિપક્ષથી ઉગારો;
કરશે મદદ રાવળ રાજવી, વધશે જગ જશ સારો.
આશા ઉગરવાની તમ થકી. ૪
નથી સત્તા રી ભરવા તણી, નથી ગરથ ભંડારજી;
કરૂણાથી કરો કામ અમ તણું, દેખી અમારા દેદારજી.
આશા ઉગરવાની તમ થકી. ૫.

આશા છે કે આ અરજ પત્ર જે જે ગામના શેહેરના માજન ઉપર મોકલવામાં આવે તેઓ મને તેમજ બીચારા અસંખ્ય નિરપરાધી જંતુઓને અવસ્ય ન્યાય આપશે સુજ્ઞને વધારે જણાવવાની જરૂર નથી. ઈશ્વર કૃપાથી મારી ઈચ્છા ફળીભૂત થઓ.

તથાસ્તુ.